મનપાનું વલણ અદાલતના તિરસ્કાર સમાન

અગાઉ વૈકલ્પિક આવાસ આપવાની તૈયારી દર્શાવી, હવે નીતિ જ અમલી ન હોવાની રજૂઆતથી કોર્ટ નારાજ

27 નવેમ્બરે કમિશનર અને સ્થાયી સમિતિ અધ્યક્ષને ફરી હાજર રહેવાનો આદેશ

અમદાવાદ,સુરતઃ સુરતના નાસિરનગરમાં તોડી પાડવામાં આવેલાં ૨૮ મકાનોના પરિવારોને વૈકલ્પિક આવાસ આપવાની ખાતરીમાંથી સુરત મહાનગરપાલિકા ફરી જતાં ગુજરાત હાઈકોર્ટે આકરું વલણ અપનાવ્યું છે. અદાલતમાં અગાઉ આપવામાં આવેલી ખાતરી બાદ મહાનગરપાલિકાના વલણમાં આવેલા ફેરફારને ગુજરાત હાઈકોર્ટે પ્રાથમિક દૃષ્ટિએ અદાલતના તિરસ્કાર સમાન ગણાવીને ગંભીર સવાલો ઉઠાવ્યા છે. આ મામલે મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને આગામી સુનાવણીમાં વ્યક્તિગત રીતે હાજર રહીને ખુલાસો કરવા આદેશ અપાયો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે અધિકારીઓ સામે કોર્ટના તિરસ્કાર બદલ ફોજદારી કાર્યવાહી શા માટે ન કરવી તે અંગે તેમનો જવાબ જરૂરી છે.

આજે થયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે નોંધ્યું હતું કે અગાઉ રાજ્યના સર્વોચ્ચ કાયદા અધિકારી દ્વારા અસરગ્રસ્ત પરિવારોને વૈકલ્પિક આવાસ આપવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ મહાનગરપાલિકાના અધિકારીઓએ આવાસ આપવાની કોઈ નીતિ ન હોવાનું જણાવી વલણ બદલી નાખ્યું હતું. અદાલતના મતે, સુનાવણી દરમિયાન જ ખાતરીથી ફરી જવું ન્યાયની પ્રક્રિયામાં અવરોધ ઊભો કરવા અથવા અદાલતની સત્તાને નીચી પાડવા સમાન હોઈ શકે છે. હાઈકોર્ટે વધુમાં નોંધ્યું હતું કે મહાનગરપાલિકાએ કોઈ કાયદાકીય સત્તા કે પ્રક્રિયાનું પાલન કર્યા વિના ૨૮ મકાનો તોડી પાડ્યાં હોવાની બાબત સામે આવી છે. અરજીમાં ખાનગી વ્યક્તિઓના ઈશારે અધિકારીઓએ કાર્યવાહી કરી હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે.

કોર્ટે કરેલી ગંભીર ટીપ્પણી

(1) અગાઉ ખાતરી આપ્યા બાદ મહાનગરપાલિકાના બદલાયેલા વલણને પ્રાથમિક દૃષ્ટિએ અદાલતના તિરસ્કાર સમાન ગણાવ્યું છે.
(2) ખાતરીમાંથી ફરી જવું એ ન્યાયની પ્રક્રિયામાં અવરોધ ઊભો કરવા અથવા અદાલતની સત્તાને નીચી પાડવા સમાન છે.
(3) અગાઉ વૈકલ્પિક આવાસ આપવા તૈયાર હોવા છતાં અચાનક 'આવાસ આપવાની કોઈ નીતિ નથી' તેવું વલણ કઈ રીતે અપનાવી શકાય ?
(4) અસરગ્રસ્ત પરિવારો સાથે પશુઓ જેવો વ્યવહાર કરીને તેમને ગમે ત્યાં મોકલી દેવાના છે કે શું?

છે.કોર્ટે કહ્યું કે અધિકારીઓની હાજરી માત્ર ઔપચારિકતા નથી, પરંતુ તેમના બદલાયેલા વલણ પાછળનાં વાસ્તવિક કારણો જાણવા જરૂરી છે. મહાનગરપાલિકા તરફથી હાજર વરિષ્ઠ વકીલે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો ઉલ્લેખ કરીને અધિકારીઓની વ્યક્તિગત હાજરી સામે રજૂઆત કરી હતી, પરંતુ હાઈકોર્ટે આ દલીલ સ્વીકારી નહોતી. આદેશ બાદ મહાનગરપાલિકા તરફથી તેના પર સ્ટે માગવાની તૈયારી દર્શાવવામાં આવી હતી. હવે આગામી સુનાવણીમાં કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના ખુલાસા તથા અદાલતના આગળના વલણ પર સૌની નજર રહેશે.

કમિશનર અને સ્થાયી અધ્યક્ષને નીતિ તૈયાર કરવા આદેશ

નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં હાઇકોર્ટના આદેશને પગલે મનપા કમિશનર અને સ્થાયી સમિતિના અધ્યક્ષ સુનાવણી દરમિયાન હાજર રહ્યા હતા. અસરગ્રસ્ત પરિવારોને વૈકલ્પિક આવાસ ફાળવવા માટે કોઈ નીતિ જ અમલી ન હોવાની રજૂઆત સામે કોર્ટે બંને અધિકારીઓને ચોક્કસ નીતિ તૈયાર કરીને 27 નવેમ્બરે રજૂ કરવા જણાવ્યું હતું. ડિમોલિશન બાદ ઘરવિહોણા બનેલા પરિવારોની જવાબદારીના મુદ્દે મનપા કમિશનરે જવાબદારી લેવી પડે તેવી ટકોર પણ કોર્ટે કરી હતી. આગામી સુનાવણીમાં બંનેએ ફરી હાજર રહેવું પડશે, તેમજ વૈકલ્પિક આવાસની ફાળવણી અંગે સોગંદનામું રજૂ કરનાર એડ્વોકેટ જનરલને પણ હાજર રહેવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

કમિશનર અને ચેરમેન સાથે હાઈકોર્ટમાં હાજર નહીં રહેલા સંબંધિત અધિકારી ભેરવાવાની સંભાવના

આજે જ્યારે હાઈકોર્ટમાં મ્યુનિસિપલ કમિશનર રાજકુમાર બેનીવાલ અને સ્થાયી સમિતિ ચેરમેન રાજન પટેલ હાજર રહ્યા ત્યારે તેમની સાથે મનપાના અન્ય કોઈ ઉચ્ચ અધિકારી હાજર નહોતા. સામાન્ય રીતે જ્યારે પણ આવી સ્થિતિ થાય ત્યારે કમિ. અને ચેરમેનને સહાયક તરીકે લીગલ અને જે તે વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજર રહેતા હોય છે પરંતુ આજે હાઈકોર્ટમાં કોઈ જ હાજર નહીં રહેતા હવે આ મામલે આગામી દિવસમાં સંબંધિત અધિકારીઓ ભેરવાય તેવું મનાઈ રહ્યું છે. બની શકે છે કે કમિ. દ્વારા જે તે અધિકારીને શો-કોઝ નોટિસ ફટાકારવામાં આવે.

સ્માર્ટ સિટીના બણગાં વચ્ચે રૂંઢના 560 પરિવારોના પાણી માટે વલખાં !

પાણી સમિતીના ચેરમેનના જ વિસ્તારમાં આવેલા 'સુમન મલ્હાર-2'માં ત્રણ વર્ષથી પાણીની કટોકટી

સુરતઃ સુરત મહાનગરપાલિકા શહેરને સ્માર્ટ સિટી બનાવવાના અને વિકાસના દાવા કરવામાં વ્યસ્ત છે, પરંતુ રૂંઢ વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બનેલા 'સુમન મલ્હાર-2'ના રહીશોની પાણીની સમસ્યા તંત્રના દાવાઓ સામે ગંભીર સવાલો ઊભા કરી રહી છે.

સરકારી આવાસ ફાળવતી વખતે 24 કલાક પાણી મળવાના વાયદા કરવામાં આવ્યા હોવાનો રહીશોનો દાવો છે. પરંતુ પાણી ત્રુટક-ત્રુટક આવે છે અને જરૂરિયાત પ્રમાણેનો જથ્થો મળતો નથી. પાણીની અછત વચ્ચે મોટરો બળી જતાં વધારાનો ખર્ચ પણ માથે પડે છે. સ્થાનિક રહીશ કિસનભાઇએ આક્ષેપ કર્યો હતો કે વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કાયમી ઉકેલ આવ્યો નથી.

પાણી માટે સોસાયટીમાં રહીશો વચ્ચે પણ વિવાદો થાય છે. અધિકારીઓ તપાસ માટે આવે ત્યારે એકાદ-બે દિવસ પાણીની સ્થિતિ સુધરે છે, પરંતુ ત્યારબાદ ફરી જૂની સમસ્યા શરૂ થઈ જાય છે. જો નવી પાઇપલાઇન નાખીને નિયમિત પાણી પુરવઠો શરૂ કરવામાં નહીં આવે, તો રહીશોએ ગાંધીનગર સુધી રજૂઆત અને આંદોલન કરવાની ચીમકી આપી છે. પાણી સમિતિના ચેરમેનના જ વિસ્તારમાં પાણીની સમસ્યા ઉકેલવા માટે તંત્ર ક્યારે નક્કર પગલાં લેશે?

'કેમ્પસ ફિલક્સ' કંપનીના સંચાલકોએ વિઝાના બહાને લાખો રૂપિયા ખંખેર્યા

યુકે વર્ક વિઝાના નામે દંપતી સાથે રૂપિયા ૩૧.૫૦ લાખની ઠગાઈ

કેન્સલ થયેલા ક્રોસ લેટરના આધારે લંડન મોકલી એરપોર્ટ પરથી ડિપોર્ટ કરાયા

સુરત : મોટા વરાછા વિસ્તારમાં વિદેશ જવાના સપનાં જોતા એક યુગલ સાથે વિઝા કન્સલ્ટન્સી દ્વારા આચરવામાં આવેલા લાખો રૂપિયાની ઠગાઈનો ચકચારભર્યો મામલો સામે આવ્યો છે.

મોટા વરાછાની ભક્તિનંદન સોસાયટીમાં રહેતા અને મૂળ ભાવનગરના વલ્લભીપુરના વતની વૈશાલીબેન દિવ્યેશભાઈ વાનાણી અને તેમના પતિએ યુકે ખાતે નોકરી અર્થે જવા માટે ઉત્તરાણ સ્થિત શ્રીનાથજી આઈકોન ખાતે આવેલી 'કેમ્પસ ફિલક્સ ઈમિગ્રેશન એન્ડ એજ્યુકેશન પ્રાઈવેટ લિમિટેડ'ના ભાગીદાર સુકેતુભાઈ ગણપતભાઈ મકાણીનો સંપર્ક કર્યો હતો. આરોપીઓએ દંપતીને યુકેમાં સારી નોકરી અને વિઝા ફાઈલ ક્લિયર કરી આપવાની ખાતરી આપી કુલ રૂપિયા ૩૦,૦૦,૦૦૦ નો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. જે મુજબ દંપતીએ તબક્કાવાર રોકડ અને અન્ય માધ્યમોથી કુલ રૂપિયા ૩૦ લાખ ચૂકવી દીધા હતા. ત્યારબાદ, ઓગસ્ટ ૨૦૨૩માં સુકેતુભાઈએ તેમને કોસ લેટર મોકલી આપ્યો હતો, જેના આધારે દંપતી તા. ૨૦ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ મુંબઈથી ફ્લાઈટ પકડી ૨૧ ઓક્ટોબરે લંડનના હિથ્રો એરપોર્ટ પર પહોંચ્યા હતા. જોકે, એરપોર્ટ ઓથોરિટી દ્વારા કોસ લેટરની ચકાસણી કરતાં તે અગાઉથી જ તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ કેન્સલ થઈ ગયો હોવાનું ખુલ્યું હતું. મુશ્કેલીમાં મુકાયેલા દંપતીએ વકીલ રોકીને કાનૂની પ્રક્રિયા કરાવી હતી, જેનો રૂપિયા ૩.૫૦ લાખ ખર્ચ થયો હતો. અંતે તા. ૨૨ ઓક્ટોબરે તેમને ભારત પરત મોકલી દેવાયા હતા. સુરત પરત આવ્યા બાદ દંપતીએ સુકેતુ મકાણી અને તેના ભાગીદાર પંકજભાઈ વસાવાને મળી ખુલાસો માંગતા તેમણે નવેસરથી વિઝા મેળવી આપવાના ખોટા વાયદાઓ આપ્યા હતા.

જાન્યુઆરી ૨૦૨૬માં દંપતીએ કંટાળીને પોતાના રૂપિયા ૩૧,૫૦,૦૦૦ (વિઝા ફી અને વકીલનો ખર્ચ સહિત) પરત માંગતા આરોપીઓએ ઉદ્ધતાઈપૂર્વક ના પાડી દીધી હતી અને 'તમારે જે કરવું હોય તે કરી લો, અમારી ઓફિસે હવે આવતા નહીં' કહી હાથ ઊંચા કરી દીધા હતા. અંતે ભોગ બનનાર મહિલાએ ફરિયાદ નોંધાવતા ઉત્રાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આજે BCGની સભામાં રાજ્યનાં ૨૮૨ વકીલમંડળની ચૂંટણીની તારીખ નક્કી થશે

એડ્વોકેટ પ્રોટેક્શન એક્ટ અંગે પણ વ્યાપક ચર્ચા કરવામાં આવશે

કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણી નિવારણ માટે કમિટી બનાવવાનું કામ પણ રજૂ થશે

વકીલો વિરુદ્ધની 150 જેટલી અરજી પર પણ નિર્ણય કરવામાં આવે તેવી સંભાવના

સુરતઃ આવતીકાલે અમદાવાદ ખાતે ગુજરાત બાર કાઉન્સિલની વિવિધ કમિટીની બેઠક બાદ મળનારી સામાન્ય સભામાં એડ્વોકેટ પ્રોટેક્શન એક્ટ અંગેની વ્યાપક ચર્ચા થશે. તેમજ કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણી નિવારણ અધિનિયમ, ૨૦૧૩ અન્વયે કમિટી બનાવવાનું કામ રજૂ થશે. ખાસ કરીને આ સભામાં ગુજરાતના ૨૮૨ જેટલાં વકીલમંડળોની આગામી ચૂંટણીની તારીખ અંગે ચર્ચા કરી જાહેરાત કરવાની વકી છે. દરમિયાન બીસીજી સભ્ય હરેશ નાકરાણીએ જણાવ્યું હતું કે, આ સભા બીસીજી ચેરમેન પી.ડી.પટેલના અધ્યક્ષ સ્થાને મળશે. આ સભા પહેલાં રૂલ્સ કમિટી, લિગલ સેમિનાર કમિટી સહિતની બેઠક મળશે. સામાન્ય સભામાં વકીલો વિરુદ્ધ આવેલી ૧૫૦ જેટલી અરજી અંગે નિર્ણય કરાશે. આ બેઠકમાં સુરતનાં બીસીજી સભ્ય ઝકી શેખ, હરેશ નાકરાણી, પ્રિતીબેન જોષી, હિરલ પાનવાલા, ભાવેશ રબારી સહિતના સભ્યો ઉપસ્થિત રહેશે. જોવાનું રહે છે કે, આવતીકાલની બેઠકમાં અન્ય શું શું નિર્ણયો લેવામાં આવે છે!

GST રિફંડ સીધું જ રદ ન થઈ શકે, પહેલા નોટિસ આપવી પડશે: ટ્રિબ્યુનલ

સામાન્ય કરદાતાને મોટી રાહત, અપીલમાં સુનાવણીનો દાવો ટ્રિબ્યુનલે ફગાવ્યો

સુરતઃ જીએસટી વિભાગના અધિકારીઓ હવે એકતરફી નિર્ણય લઈ અરજદારના રિફંડની અરજી રિજેક્ટ કરી શકશે નહીં. પહેલાં નોટિસ આપવી ફરજિયાત રહેશે. GSTATએ એક ચુકાદામાં નોંધ્યું છે કે કોઈપણ અધિકારી અરજદારને નોટિસ આપ્યા વિના રિફંડ રદ કરી શકે નહીં. આ ચુકાદાની સીધી અસર સુરત સહિત દેશભરના ટેક્સટાઈલ, ડાયમંડ, એક્સપોર્ટ અને MSME સેક્ટરના હજારો વેપારીઓ પર પડશે. આ ચુકાદા પછી જો કોઈ અધિકારી SCN વગર રિફંડ રિજેક્ટ કરશે, તો તે ઓર્ડર GSTATમાં ટકશે નહીં અને રિફંડ વ્યાજ સાથે પાછું મળશે.

શું હતો આખો કેસ?

આ મામલામાં એક કરદાતાએ નિયમ મુજબ GST રિફંડ માટે અરજી કરી હતી. પરંતુ સંબંધિત GST અધિકારીએ કરદાતાને કોઈપણ પ્રકારની શો-કોઝ નોટિસ આપ્યા વગર, તેનો પક્ષ સાંભળ્યા વગર સીધી જ તેની રિફંડ અરજીને રિજેક્ટ કરી દીધી હતી. કરદાતાએ આ ઓર્ડર સામે અપીલ દાખલ કરી હતી. અપીલની સુનાવણી દરમિયાન વિભાગ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે ભલે શરૂઆતમાં SCN ન આપી હોય, પરંતુ અપીલના તબક્કે કરદાતાને પોતાની વાત રજૂ કરવાની પૂરતી તક આપવામાં આવી છે, તેથી પ્રારંભિક ભૂલ હવે સુધરી ગઈ છે.

GSTATએ શું કહ્યું?

GSTATએ વિભાગની આ દલીલને સંપૂર્ણપણે ફગાવી દીધી હતી. ટ્રિબ્યુનલે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે, કાયદામાં SCN આપવી એ માત્ર એક ઔપચારિકતા નથી, પરંતુ તે કુદરતી ન્યાયનો પાયાનો સિદ્ધાંત છે. જો શરૂઆતનો ઓર્ડર જ ગેરકાયદે રીતે SCN વગર પાસ કરવામાં આવ્યો હોય, તો તેની ખામીને અપીલ સ્ટેજ પર સુનાવણી આપીને દૂર કરી શકાય નહીં.

કરદાતાઓને શું ફાયદો થશે?

જીએસટી પ્રેક્ટિશનર પવન શાહે જણાવ્યું કે, આ ચુકાદો કરદાતાઓ માટે ખૂબ જ રાહતરૂપ અને મહત્ત્વપૂર્ણ છે. GST અધિકારીઓએ રિફંડ નામંજૂર કરતાં પહેલાં શો-કોઝ નોટિસ આપી કરદાતાને પોતાનો પક્ષ રજૂ કરવાની પૂરતી તક આપવી એ કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો મૂળભૂત ભાગ છે. આ ચુકાદો કરદાતાના કાયદેસરના હકોનું રક્ષણ કરે છે અને GST વિભાગમાં પારદર્શક તથા ન્યાયસંગત વહીવટને પ્રોત્સાહન આપે છે.

સરથાણામાં બિલ્ડિંગની લિફ્ટમાં યુવક ફસાતાં ફાયર બોલાવાઈ

સુરતઃ શુક્રવારે સવારે સરથાણા ફાયર સ્ટેશનની બિલકુલ બાજુમાં આવેલી ઈન્ફીનિટી પાર્ક નામની બિલ્ડિંગમાં એક યુવક લિફ્ટમાં ફસાયો હોવાનો કોલ ફાયર બ્રિગેડને મળ્યો હતો. ઘટના સ્થળ નજીક જ હોવાથી સરથાણા ફાયર સ્ટેશનની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક હરકતમાં આવી હતી અને મિનિટ્સમાં જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. બિલ્ડિંગની લિફ્ટ અચાનક ટેકનિકલ ખામીને કારણે અટકી પડી હતી, જેના કારણે લિફ્ટમાં સવાર યુવક અંદર જ ફસાઈ ગયો હતો. ફાયર ફાઈટરોએ પરિસ્થિતિની ગંભીરતા સમજીને અત્યાધુનિક સાધનોની મદદથી ખૂબ જ સાવચેતીપૂર્વક રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. ટૂંક સમયમાં જ લિફ્ટના દરવાજા સુરક્ષિત રીતે ખોલીને યુવકને સહી-સલામત બહાર કાઢવામાં આવ્યો હતો. યુવકને સુખરૂપ બહાર કઢાતાં રાહતનો શ્વાસ લીધો હતો. પરિવારજનો પણ ખુશ થઈ ગયા હતા.

વિવિધ બહાનાં હેઠળ ક્લેમ નામંજૂર કરતી વીમા કંપનીને ગ્રાહક કોર્ટની લપડાક

વીમા કંપની દ્વારા વેઈટિંગ પિરિયડ બતાવી ક્લેમ નામંજૂર કરાયો હતો

સુરતઃ મોર્બિડ ઓબેસિટીની સારવારના મેડિક્લેમને ખોટી રીતે ૧૨ મહિનાના વેટિંગ પિરિયડનું બહાનુ ધરીને ના મંજૂર કરવા બદલ ગ્રાહક કમિશને વીમા કંપનીને ૩,૪૧,૮૫૯ રૂપિયા ની રકમ વ્યાજ સહિત વીમેદારને ચૂકવી આપવાનો આદેશ કર્યો છે.

સરથાણા જકાતનાકા વિસ્તારમાં રહેતા નરેશભાઈ અણઘણનાં પત્ની કાજલબેનને શારીરિક તકલીફ જણાતાં તા. ૩૧/૦૮/૨૦૨૧ ના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમને મોર્બિડ ઓબેસિટીનું નિદાન થતાં તબીબી સલાહ મુજબ તાત્કાલિક ઓપરેશન કરવામાં આવ્યું હતું.

આ સારવાર પાછળ કુલ ૩,૪૧,૮૫૯ નો ખર્ચ થયો હતો, જે ક્લેઈમ વીમા કંપનીએ પોલિસી લીધાના પ્રથમ ૧૨ મહિનાનો વેટિંગ પિરિયડ લાગુ પડે છે તેમ જણાવી આ સમયગાળામાં ક્લેમ મળી શકે નહીં તેવું કારણ આપીને ક્લેમ નામંજૂર કર્યો હતો.

આ નિર્ણય સામે ફરિયાદીએ એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી અર્પિત દેસાઈ તથા ઈશાન શ્રેયસ દેસાઈ મારફતે ગ્રાહક અદાલતમાં ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદ પક્ષે વકીલો દ્વારા દલીલ કરવામાં આવી હતી કે મોર્બિડ ઓબેસિટીની સારવાર માટે પોલિસીમાં કોઈ ચોક્કસ વેટિંગ પિરિયડ નિર્ધારિત કરવામાં આવ્યો નથી, તેથી વીમા કંપની દ્વારા ક્લેમ નામંજૂર કરવાનો બાધ તદ્દન ગેરકાયદેસર છે.

ગ્રાહક કમિશને ફરિયાદીના વકીલોની દલીલોને ગ્રાહ્ય રાખી કમિશને વીમા કંપનીને ક્લેમની મૂળ રકમ વ્યાજ સાથે, તેમજ માનસિક ત્રાસ વળતર અને ફરિયાદ ખર્ચ સહિતની રકમ ફરિયાદીને ચૂકવી આપવા સખત આદેશ કર્યો છે.

ગણેશોત્સવની ઇવેન્ટની અદાવતમાં યુવકને ચપ્પુના ઘા મારી પતાવી દેવાયો

રામી પાર્ક પાસે જૂની બોલાચાલીનું મનદુઃખ રાખી હુમલો કર્યો

ગંભીર રીતે ઘવાયેલા યુવકે સારવાર દરમિયાન દમ તોડ્યો

સુરત : ડિંડોલી વિસ્તારમાં જૂની અદાવતમાં એક યુવક પર ચપ્પુ વડે પ્રાણઘાતક હુમલો કરી તેની નિર્મમ હત્યા કરવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.

ડિંડોલી રામી પાર્ક સોસાયટી ખાતે રહેતા ૨૪ વર્ષીય શ્રીકૃષ્ણા રામચંદ્ર સાવંતે ડિંડોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ગત તા. ૨૨/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રે સાડા નવેક વાગ્યાના અરસામાં રામી પાર્ક સોસાયટી પાસે આવેલી સનરાઇઝ સ્કૂલના પાછળના ગેટ નજીક આરોપી રોહિત સુનિલ સોનવણે (રહે. રામી પાર્ક, ડીંડોલી) ધસી આવ્યો હતો. આરોપી રોહિતે ગણપતિ સ્થાપના વખતના કાર્યક્રમની તકરારનું મનદુઃખ રાખી 'તું વધારે હોશિયારી કરે છે' તેમ કહી મનીષ નામના યુવકનો કોલર પકડી લીધો હતો. તે દરમિયાન ત્યાં હાજર ૨૪ વર્ષીય ગોવિંદા ગવડે સાથે બોલાચાલી કરી આરોપી રોહિતે તેના જમણા થાપા પર, ડાબા પગની જાંઘ તથા છાતીના ભાગે ચપ્પુ જેવા તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી દીધા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા ગોવિંદાને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન ટૂંકી બીમારી બાદ તેણે દમ તોડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ડિંડોલી પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે અગાઉ નોંધાયેલા ગુનામાં હત્યાની કલમનો ઉમેરો કરી આરોપી રોહિત સોનવણે વિરુદ્ધ ધોરણસરનો ગુનો દાખલ કર્યો છે અને તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

એનટીએમ માર્કેટના દુપટ્ટાના વેપારી સાથે રૂપિયા ૪૭.૭૬ લાખની ઠગાઈ

વેપારી પાસેથી માલ મેળવ્યા બાદ પેમેન્ટ ન ચૂકવી દુકાનો બંધ કરી ઠગબાજો ભાગી છૂટ્યા

નાણાં માંગતા જાનથી મારી નાંખવાની ધમકી આપનાર ૫ સામે ગુનો દાખલ

સુરત : રિંગરોડ પર આવેલી એન.ટી.એમ. માર્કેટમાં 'નિશુ ટેક્ષટાઈલ' નામે દુપટ્ટાનો વેપાર કરતા ૬૦ વર્ષીય વૃદ્ધ વેપારી સાથે ૪૭.૭૬ લાખ રૂપિયાથી વધુની ઠગાઈ આચરવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

સિટીલાઈટ રોડ સ્થિત આશિર્વાદ પાર્કમાં રહેતા અને એનટીએમ માર્કેટમાં દુપટ્ટાનો વેપાર કરતા મહેશ મહેન્દ્ર જૈને નોંધાવેલી ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩ દરમિયાન તેમની જ ગલીમાં દુકાન ધરાવતા શ્રી મન મંદિર ક્રીએશનના પ્રોપ્રાઈટર ગોપાલ મોહનલાલ લોહીયાએ રૂપિયા ૧૯.૨૦ લાખનો દુપટ્ટાનો માલ લીધા બાદ શરૂઆતના નાણાં ચૂકવીને બાદમાં રિટર્ન ચેક આપીને ભાગી છૂટ્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપીલ હતી. તે જ રીતે, કુંભારીયા રોડ પર ક્રીએશન નામે ધંધો કરતા નીરજ ઘુમ્મર પણ બાકીના રૂપિયા ૧૪.૬૫ લાખ ન આપી દુકાન બંધ કરીને ભાગી છૂટ્યો હતો. તદુપરાંત, ડિસેમ્બર ૨૦૨૨માં ધૈર્યા ફેશનના વહીવટકર્તા મનીષ મુંદડા અને તેની પત્ની મૈના મુંદડાએ પણ રૂપિયા ૧૫.૫૦ લાખ બાકી રખાતા ૨૦૨૪ માં દુકાન બંધ કરી દીધી હતી. જેથી સલાબતપુરા પોલીસે વેપારી મહેશ જૈનની ફરિયાદના આધારે ગોપાલ મોહનલાલ લોહીયા નિરજ ઘુમ્મર, મનોજ ઉર્ફે મનીષ મુલચંદ મુંદડા, મૈના મનોજ ઉર્ફે મનીષ મુંદડા ધૈર્યા ફેશનના પ્રોપ્રાઈટર તથા કાપડ દલાલ નયનસીંગ મુંદડા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

નવી સિવિલ હોસ્પિ.માં યશવી ફાઉન્ડેશન દ્વારા દર્દી, તબીબો માટે 'પ્રસાદમ્' સેવાનો પ્રારંભ

સુરતઃ નવી સિવિલ હોસ્પિ.માં સારવાર માટે આવતા ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ તથા તેમનાં સ્વજનોને ભોજન માટે યશવી ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા 'પ્રસાદમ્' યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ દરરોજ અંદાજે ૨ હજાર દર્દીઓ અને તેમના સ્વજનોને બપોરે તથા સાંજે નિઃશુલ્ક ભોજન પીરસવામાં આવશે. આ ઉપરાંત હોસ્પિટલમાં 24 કલાક ફરજ બજાવતા તબીબો માટે ચા-નાસ્તાની સુવિધા પણ વિનામૂલ્યે શરૂ કરવામાં આવી છે. યશવી ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટના ફાઉન્ડર પરેશ ખંડેલવાલના જણાવ્યાનુસાર 'પ્રસાદમ' યોજના હેઠળ બપોરે 12થી 3 વાગ્યા સુધી અને સાંજે 7.30થી 9.30 વાગ્યા સુધી ભોજન પીરસવામાં આવશે. ઉદઘાટનમાં પૂર્વ કલેક્ટર અને ઊંઝા ઉમિયા ધામના ચેરમેન એમ.એસ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સુરત ક્ષત્રિય સમાજના પ્રમુખ તરીકે રજનીકાંત બચકાણીવાલા ચુંટાયા

સુરતઃ શ્રી સુરત ક્ષત્રિય સમાજના પ્રમુખની ચૂંટણી તા.૨૨.૧૦.૨૦૨૬ ના રોજ યોજાઈ હતી. જેમાં રજનીકાંત સુરજરામ બચકાણીવાલા બહુમતિથી ચૂંટાયા હતા. હાલમાં તેઓ પ્રમુખ તરીકે મંત્રા, સુરત વણકર સંઘ લી., વિદ્યા વિહાર ટ્રસ્ટ અને શ્રી સત્યસાંઇ એજ્યુકેશન ટ્રસ્ટમાં સેવા આપી રહ્યા છે.

શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત પંચના પ્રમુખ તરીકે સંજય ગાંધીની સર્વાનુમતે વરણી

સુરતઃ શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત પંચની દ્વિવાર્ષિક સામાન્ય સભા રુઘનાથપુરા સ્થિત પી. આર. ખાટીવાલા વાડી સંકુલ ખાતે પ્રમુખ ધર્મેશભાઈ તમાકુવાલાના અધ્યક્ષસ્થાને મળી હતી. સભામાં પંચના વાર્ષિક તથા અર્ધવાર્ષિક હિસાબો મંજૂર કરવામાં આવ્યા હતા. સભામાં વર્ષ ૨૦૨૬થી ૨૦૨૮ના આગામી દ્વિવાર્ષિક કાર્યકાળ માટેના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે સંજય હીરાલાલ ગાંધીની વરણી કરવામાં આવી હતી. તત્કાલીન નિવૃત્ત પ્રમુખ તરીકે ધર્મેશભાઈ તમાકુવાલા, ઉપપ્રમુખ તરીકે જે.સી. લાપસીવાલા તથા અનિલ દલાલ, મંત્રી તરીકે મુકેશ વરિયાવા અને અજય મોદીની, ખજાનચી તરીકે દીપક અનાજવાલા તથા ભૂપેન્દ્ર હલવાવાલાની વરણી કરવામાં આવી હતી.

આંખ વિના શરીરની અને સમ્યગ્ દર્શન વિના સાધનાની કિંમત નથી: પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં પ્રવચન પ્રભાવક જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં શ્રી નવપદ ભક્તિ મહોત્સવના છઠ્ઠા દિવસે સમ્યગ્ દર્શન પદનો મહિમા વર્ણવતા જણાવ્યું હતું કે, જેમ આંખ વિનાના શરીરની કોઇ કિંમત નથી તેમ સમ્યગ્ દર્શન વિનાની સાધનાની કોઇ કિંમત નથી. ધર્મની શરુઆત વંદનાથી થાય છે તો ધર્મની પ્રાપ્તિ શ્રદ્ધાથી થાય છે. શ્રદ્ધા સાહસ માંગે છે. તર્કની દુનિયા જ્યાં પુરી થાય છે ત્યાં શ્રદ્ધાની શરુઆત થાય છે. જૈનશાસનમાં શ્રેષ્ઠ કોટીનો પદાર્થ સમ્યગ્ દર્શન છે. પદ, પૈસા, પદાર્થ વગેરેની પાછળ માણસ મેરેથોન દોડ લગાવી રહ્યો છે, પણ સ.દર્શન પ્રાપ્તિ માટે એટલો ઉત્સાહ જગાવાની જરૂર છે.

વનબંધુ પરિષદની યુવા શાખાના કાર્યક્રમમાં ૪૦ પરિવારે માતા-પિતાનું પૂજન કર્યું

સુરતઃ વનબંધુ પરિષદ યુવા શાખા દ્વારા અડાજણ સ્થિત સેલેસ્ટિયલ ડોમ ખાતે 'વંદન-૨' કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં ૪૦ પરિવારે ઉત્સાહપૂર્વક ભાગ લઈ માતા-પિતાનું સામૂહિક પૂજન કર્યું હતું. દીકરા-દીકરીઓ ઉપરાંત પુત્રવધૂઓ અને જમાઈઓએ પણ માતા-પિતાના ચરણસ્પર્શ કરી પુષ્પહાર અર્પણ કરી સ્નેહ અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. માતા-પિતાએ સંતાનોના ઉછેર માટે કરેલા ત્યાગ, પરિશ્રમ અને આજીવન સેવાને વંદન કરવાનો મુખ્ય હેતુ રહ્યો હતો. કાર્યક્રમમાં વનબંધુ પરિષદના અધ્યક્ષ નારાયણ પેડીવાલ, વિનોદ અગ્રવાલ, સંયોજક ગોપેશ અગ્રવાલ, નિર્મલ નાગદા, અનુરાગ જૈન, ગૌરવ માહેશ્વરી સહિત ૪૦થી વધુ યુવાનોની ટીમે આયોજનમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

પંચમ્ ગ્રુપ દ્વારા શમ્મી કપૂર-શશી કપૂરના ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાયો

સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ ગ્રુપ દ્વારા ૩૮૭મો અભિનેતા શમ્મી કપૂર અને શશી કપૂરના ફિલ્મી ગીતોનો જાહેર કાર્યક્રમ ૧૮મી ઓક્ટોબરના રવિવારે સ્વરાંગન સ્ટુડિયો, પાલ, સુરત ખાતે યોજાયો હતો. જેમાં રિદ્ધિશકુમાર, એડવોકેટ વસંત રાઠોડ, સરોજ રાઠોડ, અનિલ દલાલ, અનિલ મિસ્ત્રી, હરેશ ભટ્ટી, નરેન્દ્ર પટેલ, આશિષ પંચાલ, સ્તવન શુક્લા, નૈષધ શુક્લા, રીમા શર્મા, શીતલ વકીલવાળા, રિતેશ પટેલ અને શીતલ મેહતાએ શમ્મી કપૂર અને શશી કપૂરના ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. સંચાલન રીમા શર્મા અને શીતલ વકીલવાળાએ કર્યું હતું.

તાપી ઉડાન શાખા દ્વારા 'ઝલક' પ્રી કરવાચોથનું આયોજન

સુરત : ગુજરાત પ્રાદેશિક મારવાડી સંમેલનની તાપી ઉડાન શાખા દ્વારા 23 ઓક્ટોબરે વેસુના શાંતમ હોલ ખાતે 'ઝલક' પ્રી કરવાચોથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મ્યુઝિકલ હાઉઝી, કરવાચોથ ક્વીન સ્પર્ધા, મનોરંજક રમતો, ભેટસોગાદો અને વિશેષ પ્રસ્તુતિઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. પરંપરાગત પોશાકમાં સજ્જ મહિલાઓએ કાર્યક્રમની શોભા વધારી હતી. મુખ્ય મહેમાન તરીકે પ્રાચી હર્ષ સંઘવી, સરિતા ટાટનવાલા અને શીતલ ચોકસી ઉપસ્થિત રહ્યાં હતાં. રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ગોકુલ બજાજ અને પ્રાંતીય અધ્યક્ષ સંજય અગ્રવાલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. શાખા અધ્યક્ષ મનીષા કજરિયાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. સફળતામાં દિશા લોહિયા, રશ્મિ લાઠ, પ્રિયંકા મસ્કરા, રૂચિ રોહતગી, નીતા બોથરા સહિત સભ્યોએ યોગદાન આપ્યું હતું.